**ફો.કેસ નં. :– ૩૯૫/૨૦૧૮**
**આંક:– ૯૭**
**(FILE- C)**

આરોપી તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– અશોકભાઈ | પિતા/પતિનું નામ:– ગાંડાભાઈ બાપોદરીચા |
| | ઉ.વ.:– ૪૬ |
| ધંધો:– ખેતી | સરનામુ:– હળવદ તા.હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ વિ.વ.શ્રી જે.સી.સંઘાણી**

(૧) આજરોજ હું નામદાર કોર્ટના સાહેદ સમન્સના આધારે સાહેદી આપવા માટે હાજર રહેલ છું. મેં નવીનભાઈ સાથે તારીખ ૧૭/૨/૨૦૦૦ સુધી ભાડા કરાર કરેલો. આ ભાડા કરારમાં પેજ નંબર ૨ પર પેરેગ્રાફ નંબર ચારમાં *'બંને પક્ષકારોની સંમતીથી સદર ભાડાની મુદતમાં વધારો ઘટાડો કરી શકાશે જે બંનેને કબુલ અને મંજુર છે'* એવું લખેલ છે. ત્યારબાદ અમારી વચ્ચે કોઈ બીજો ભાડા કરાર થયેલ નથી.

ચેકો મેં તથા આરોપીના પગારદાર માણસ રાજુભાઈ પટેલ એમ બંનેએ આપેલા અમને સહી કરેલી ચેકબુક આપવામાં આવેલી અને આરોપીએ કહેલું કે તમારે લેવાના નીકળે છે તે ચેક લઈ લો અને યાર્ડમાં જેને જેને પેમેન્ટ કરવાનું છે તેને તેને ચેક આપી દો તેવી વીગત મારી ફોજદારી કેસ નંબર ૩૬૭/૨૦૧૮નાં આંક–૪ની ઉલટતપાસમાં મેં જણાવી છે. સહી સિવાય તે ચેકમાં કરેલ લખાણ મેં કરેલ નથી. તે ચેકની સહી નવીનચંદ્રએ કરેલી.

**આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ સાહેદની વધુ સરતપાસ માટે મુલતવી.**

**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૧૩/૧૦/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ